# ‘ગુજરાતમિત્ર’ના અહેવાલ બાદ ખિલખિલાટનો કેપ્ટન સસ્પેન્ડ

**માતા**-બાળકને ઘરથી પાંચ કિમી દૂર ઉતારીને ચાલ્યો ગયો હતો

ગુજરાતમિત્ર ઈમ્પેક્ટ

## ખિલખિલાટ વાહને માતા અને નવજાતને રસ્તામાં જ ઉતારી દીધાં !

**વાંસદાના** ખડકીયા ગામના પરિવાર સાથે બનેલી ઘટનાથી તંત્ર સામે સવાલો


નિલેશ કાપડીયા

વાંસદા: વલસાડ સિવિલ







વાંસદા : વલસાડ સિવિલ હોસ્પિટલમાંથી વાંસદાના ખડકીયા ગામના માતા અને નવજાત શિશુને તા.૨૪.૦૯.૨૦૨૬ના રોજ રજા આપ્યા બાદ ઘરે ઉતારવાને બદલે ઘરથી પાંચ કિમી દૂર અંતરે રસ્તામાં મુકી જવાની ઘટનામા ગુજરાતમિત્ર ન્યૂઝ પેપરમાં અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ ખિલખિલાટ વાનના કેપ્ટન અંકિત બાગુલને તાત્કાલિક અસરથી સસપેન્ડ કરવામાં આવ્યો હોવાનું વલસાડ-નવસારી અને ડાંગ જિલ્લાની 108 સેવાના પ્રોગામ મેનેજર હેમંત સોલંકી દ્વારા જણાવાયુ છે.

આ ઘટના અંગે પ્રોગામ મેનેજર હેમંતભાઈએ વધુમાં જણાવ્યું કે, વલસાડ જિલ્લામાં ખિલખિલાટ સેવા દ્વારા લાભાર્થીઓને અંતરિયાળ વિસ્તારમાં છેક ઘર સુધી પહોંચાડવાની સેવા આપવામાં આવે છે. હાલ જિલ્લામાં ૧૦ જેટલી ખિલખિલાટ વાન સેવામાં કાર્યરત છે. ત્યારે તા. 24 સપ્ટેમ્બર 2026ના રોજ વલસાડ સિવિલ હોસ્પિટલમાંથી વાંસદાની માતા અને નવજાત શિશુને રજા આપ્યા બાદ લાભાર્થીને વાંસદાના ખડકીયા ગામ ખાતે આવેલા તેના ઘરે ઉતારવા માટે ખિલખિલાટ વાન નીકળી હતી પરંતુ લાભાર્થીનું ઘર આવે તે પહેલા જ 5 કિ.મી. દૂર હનુમાનબારી સર્કલ ખાતે રસ્તામાં ઉતારીને ખિલખિલાટનો કેપ્ટન નીકળી ગયો હતો.

આ મામલે પ્રાથમિક તપાસ હાથ ધરાતા જવાબદાર કેપ્ટન અંકીત બાગુલ કે જે, ખિલખિલાટ સેવા કચેરીમાં આશરે બે વર્ષથી કાર્યરત છે. દર્દીને અધવચ્ચે છોડી જવાની ઘટનામાં અંકિત બાગુલે પોતાની ભુલ સ્વિકારી છે અને ઘરે જવાની ઉતાવળમાં લાભાર્થીને રસ્તામાં ઉતારી દેવાની ગંભીર ભૂલ કરી હતી.

જેને ધ્યાને લઇને પરિસ્થિતિની ગંભીરતાને અનુલક્ષીને તાત્કાલીક ધોરણે સેવામાંથી નિલંબિત કરવામાં આવ્યો છે. 108 સેવાના વલસાડ-નવસારી અને ડાંગ જિલ્લાના પ્રોગામ મેનેજર હેમંત સોલંકીએ અને તંત્ર દ્વારા આવી બાબતમાં ગંભીર રહીને કામગીરી કરવા તમામ કર્મચારીને સજાગ કરવામાં આવ્યા છે. સેવામાં કોઇપણ બાબતની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહી એવી કડક સુચના તમામ કર્મચારીને આપવામાં આવી છે.

## ઉમરગામમાંથી મોટરસાઈકલ ચોર ઝડપાયો



ઉમરગામ : ઉમરગામમાંથી પોલીસે બાઈક ચોરને ઝડપી પાડ્યો છે. ઉમરગામ વિસ્તારમાંથી રૂપિયા 80હજારની કિંમતની બાઈકની ચોરી થઈ હોવાના બનાવની ફરિયાદ તારીખ 17 સપ્ટેમ્બર 2026 ના રોજ ઉમરગામ પોલીસ સ્ટેશનમાં દાખલ થતા પી.આઈ એચ ડી તુવર તથા પોલીસના માણસોને ખાનગી રાહે મળેલી બાતમીના આધારે આ ગુનામાં સંડોવાયેલ તહોમતદાર પ્રકાશ ઉર્ફે રાહુલ જયંતિભાઈ સોલંકી ( ઉંમર વર્ષ 31 હાલ રહે મોલે હોલ આનંદ છાયા બસ સ્ટેન્ડની બાજુમાં સાતપુર કોલોની તાલુકા જિલ્લા નાસિક મહારાષ્ટ્ર રાજ્ય મૂળ રહે વૃંદાવન પાર્ક સરીગામ ઉમરગામ) ને પકડી પાડ્યો હતો. તે ભીલાડ, તારાપુરા,બોઈસર, ઉમરગામ, ડુંગરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનાઓમાં પણ સંડોવયેલો હોવાનું બહાર આવ્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સેલવાસના ફતેહસિંહજી એમ. ચૌહાણને માનદ ડોક્ટરેટની પદવી એનાયત



સેલવાસ : સેલવાસ સ્થિત શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ વિદ્યા સંકુલમાં આયોજિત બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ દરમિયાન લેંગબસ્ટેક યુનિવર્સિટી (અમેરિકા) દ્વારા લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ફતેહસિંહ એમ. ચૌહાણને માનદ ડોક્ટરેટની પદવીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ગરિમાપૂર્ણ પ્રસંગે દેશ-વિદેશથી જોડાયેલા શિક્ષણશાસ્ત્રીઓ, શૈક્ષણિક જગતના વિશિષ્ટ સભ્યો, મહાનુભાવો, શિક્ષકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓની નોંધપાત્ર ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ અને ગુજરાતના પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ કેબિનેટ મંત્રી ખુમાનસિંહ વાંસિયા, લેંગબસ્ટેક યુનિવર્સિટીના પ્રો-ચાન્સેલર કુલદીપસિંહ ચરક તેમજ લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ફતેહસિંહ એમ. ચૌહાણ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### ડાંગમાં સુબિર તાલુકા કક્ષાની વક્તૃત્વ - ચિત્ર સ્પર્ધાનું આયોજન


ગિરીશ ભોયે

સાપુતારા : ‘સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬’ અંતર્ગત ડાંગ જિલ્લાના સુબીર બી. આર. સી ભવન ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને તેમજ ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઇ ગામિતની પ્રેરક ઉપસ્થિતમા સુબીર તાલુકા કક્ષાના વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે જિલ્લા આરોગ્ય સિમિતના ચેરમેન દિનેશભાઇ હિલિમ, સુબીર ગ્રામ પંચાયતના સરપંચ યોગિતાબેન, સામાજિક આગેવાનો સર્વે બુધુભાઈ કામડી, દિનેશભાઇ ભોયે, સોમનાથભાઈ તેમજ સુબીર બી. આર. સી કોઓર્ડીનેટર પરિમલભાઈ પરમાર, તાલુકા કક્ષાના તમામ સી. આર. સી. કોઓર્ડીનેટર, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### અતુલ ફાઉન્ડેશન દ્વારા પાર નદી કિનારાની સફાઇ ઝુંબેશ હાથ ધરાઇ



વલસાડ: અનંત ચતુર્દશીની પરંપરાગત ઉજવણીના બીજા દિવસે, શનિવાર તારીખ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ અતુલ ફાઉન્ડેશન દ્વારા પાર નદી ખાતે વિસર્જન સ્થળની સાફસફાઇનુ અભિયાન હાથ ધરાયુ હતુ જેમાં અતુલના આશરે પંચાવન જેટલા કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઇ સરકારના ‘સેવા મેરા યોગદાન’ની પહેલના ઉદ્દેશ્યને સાર્થક ઠેરવ્યો હતો. સફાઇ ઝુંબેશમા આશરે ૨૫૦ કિલો જેટલો કચરો (પ્લાસ્ટિક વેસ્ટ, પેપર વેસ્ટ, ફુલ-હારનો ફ્લોરલ વેસ્ટ વગેરે) ભેગો કરાયો જેનો અતુલ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત વેસ્ટ પ્રોસેસિંગ યુનિટ દ્વારા વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરાયો હતો.

### ઉમરગામ એમ.એમ. હાઇસ્કૂલમાં ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ યોજાયો


ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ એમ.એમ. હાઈસ્કૂલ ખાતે ટ્રાફિક અવેરનેસ રોડ સેફટી જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.શાળાના આચાર્ય અલ્પેશકુમાર એ. પટેલ તથા સહઆચાર્ય જેસલબેન શાહના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ ક્વિઝમાં શાળાના કુલ ૧૧૭૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ક્વિઝના પરિણામના આધારે પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓની પસંદગી કરી તેમને શાળા દ્વારા ટ્રાફિક અવેરનેસ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે ઉમરગામ પોલીસ સ્ટેશનના હિરાભાઈ પરમાર, રાજેન્દ્રસિંહ ડાભી ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમો, રોડ સેફટી, હેલ્મેટ તથા સીટબેલ્ટનો ફરજિયાત ઉપયોગ, ટ્રાફિક સિગ્નલ અને માર્ગ સલામતી અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. સફળ કાર્યક્રમ બદલ સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ બારી, મંત્રી ઉલ્હાસભાઈ ટંડેલ અને ખજાનચી બંકિમભાઈ શાહે તમામને અભિનંદન પાઠવ્યા હતાં.

### વાવર ગામમાં વીજ દુર્ઘટનાના મૃતકોના પરિવારને ધારાસભ્યએ સાંત્વના પાઠવી

વલસાડ : કપરાડા તાલુકાના વાવર ખાતે વીજ દુર્ઘટનામાં મોતને ભેંટેલા મૃતકોના પરિવારને ધારાસભ્ય જીતુભાઈ ચોધરી, ભાજપ સંગઠન પ્રમુખ અરવિંદ કોટી સહિત હોદેદારોએ તેમના ઘરે પહોંચી સાંત્વના પાઠવી હતી. આ કરુણ દુર્ઘટનામાં એક જ ગામના સાગરભાઈ સરનાયક અને સુરેશભાઈ પવાર ના મોત નીપજ્યા હતા.ધારાસભ્ય સહિતનાએ દુઃખની આ ઘડી માં સરકાર અને વહીવટી તંત્ર પરિવાર સાથે હોવાનું જણાવ્યું હતું. તેમની સાથેજિલ્લા પંચાયત સભ્ય દક્ષાબેન ગાયકવાડ, યુવા આગેવાન ચંદર ગાયકવાડ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

### કપરાડાના બેઝ ભવાડા પ્રાથમિક શાળાની ઉપ શિક્ષિકા દોડમાં રાજ્યમાં પ્રથમ

વલસાડ : નડિયાદ ખાતે રમાયેલી અખિલ ભારતીય મુલકી સેવા એથલેટિક્સ સ્પર્ધા.2026 અંતર્ગત ભાગ લેનાર ગુજરાત સચિવાલય ટીમની પસંદગી સંપર્ધામાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના બેઝ ભવાડા પ્રાથમિક શાળાની ઉપ શિક્ષિકા સ્નેહલતા પિનાકીન પટેલે 400 મીટર અને 800 મીટર દોડમાં પ્રથમ નંબર મેળવી જિલ્લા,તાલુકાનું ગૌરવ વધાર્યું છે.હવે તેઓ નેશનલ કક્ષાએ ભાગ લેવા જશે. તાલુકા પ્રાથમિક શિક્ષણ વિભાગનું ગૌરવ વધારનાર ઉપ શિક્ષિકા સ્નેહલતાબેનને તાલુકા શિક્ષણ વિભાગ,શાળા પરિવાર દ્વારા અભિનંદન અને શુભેચ્છા પાઠવવામાં આવી છે.



# બીલીમોરામાં પૂરપીડિતોની સહાયનો પ્રશ્ન ટલ્લે ચઢ્યો

**સ્વચ્છતા** ચકાસણી દરમિયાન દુકાનદાર-ચીફ ઓફિસર વચ્ચે ઉગ્ર સવાલ-જવાબ: પૂરથી થયેલા નુકસાનનું વળતર ક્યારે મળશે તેવો સવાલ

બીલીમોરા: બીલીમોરા શહેરમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સફાઈ કામગીરીની ચકાસણી કરવા ગયેલા નગરપાલિકાના ચીફ ઓફિસર અને દુકાનદાર વચ્ચે પૂરથી થયેલા નુકસાન તથા સહાયના મુદ્દે ઉગ્ર સવાલ-જવાબનો બનાવ સામે આવ્યો છે. દુકાનદારે પૂર દરમિયાન થયેલા નુકસાનનું વળતર અને રાહત સહાય અંગે સવાલો ઉઠાવતા વાતાવરણ ગરમાયું હતું. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં શહેરમાં પાલિકાની કામગીરી અને પૂરપીડિતોને મળનારી સહાય અંગે ચર્ચા શરૂ થઈ હતી.

મળતી માહિતી મુજબ, બીલીમોરા નગરપાલિકાના ચીફ ઓફિસર સંદીપભાઈ પટેલ શુક્રવારે સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સફાઈ કામગીરીની ચકાસણી માટે દેસરા રોડ વિસ્તારમાં ગયા હતા. દરમિયાન દુકાનો બહાર કચરો હોવા અંગે કરિયાણાની દુકાનના સંચાલક વિમલ પાંડે સાથે સ્વચ્છતા બાબતે વાતચીત થઈ હતી.

આ દરમિયાન વિમલ પાંડેએ ચીફ ઓફિસર સમક્ષ પૂર દરમિયાન થયેલી નુકસાની અને રાહત સહાયનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, પૂર દરમિયાન તેમના ઘર અને વિસ્તારમાં આશરે પાંચ ફૂટ જેટલું પાણી ભરાઈ ગયું હતું અને ટીવી, ફ્રિજ, ઘરવખરી તેમજ અનાજ સહિતની ચીજવસ્તુઓને નુકસાન થયું હતું. આવી સ્થિતિમાં નગરપાલિકા દ્વારા નુકસાનીનું વળતર ક્યારે મળશે તેવો સવાલ તેમણે કર્યો હતો. દુકાનદારે વધુમાં જણાવ્યું હતું કે તેઓ વર્ષોથી નગરપાલિકાની દુકાનમાં કાયદેસર લાઈસન્સ અને ભાડું ભરીને વ્યવસાય કરે છે અને પૂર સમયે પરિવારને ભારે નુકસાન થયું હોવા છતાં સહાય માટેની રજૂઆતો બાદ પણ રાહ જોવી પડી રહી છે. તેમણે વિસ્તારમાં વરસાદી અને પૂરનાં પાણીના નિકાલ માટેની કાંસો પૂરાઈ જવાના મુદ્દે પણ સવાલ ઉઠાવી તેની જવાબદારી અંગે પ્રશ્ન કર્યો હતો. દુકાનદારના જણાવ્યા મુજબ, પૂરથી થયેલા નુકસાન અંગે અગાઉ પણ રજૂઆતો કરવામાં આવી હતી. દુકાનદારની માતા પ્રભાવતીબેન પાંડેના નામે નવસારી ખાતે જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીને લેખિત રજૂઆત કરવામાં આવી હોવાનું પણ જણાવાયું હતું. દુકાનદારના જણાવ્યા મુજબ કલેક્ટરે તેમની રજૂઆત શાંતિપૂર્વક સાંભળી હતી.

જોકે, ઘટનાના સંદર્ભમાં દુકાનદારે ચીફ ઓફિસર સામે કચરા સફાઈની કામગીરીના બહાને તેમને હેરાન કરવાનો આક્ષેપ કર્યો હતો. બીજી તરફ, સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ શહેરની સફાઈ કામગીરીની ચકાસણી અને તેની વિગતો સરકારને મોકલવાની પ્રક્રિયાના ભાગરૂપે અધિકારીઓ ફિલ્ડમાં હોવાનું જાણવા મળે છે.ઘટનાને પગલે શહેરમાં પૂરપીડિતોને મળનારી સહાયનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. પૂર દરમિયાન થયેલા નુકસાન બાદ અસરગ્રસ્ત પરિવારો હવે સરકાર તરફથી સહાયની રાહ જોઈ રહ્યા છે.

### પૂર નુકસાનીનાં ૧૫૦થી વધુ ફોર્મ ભરાયાં

બીલીમોરા નગરપાલિકા વિસ્તારમાં પૂરથી અસરગ્રસ્ત મકાન, દુકાન, લારી-ગલ્લા, ફર્નિચર સહિતની નુકસાનીની વિગતો મેળવવા માટે અસરગ્રસ્તો પાસેથી ફોર્મ ભરાવવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ ફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. અત્યાર સુધીમાં ૧૫૦થી વધુ ફોર્મ નગરપાલિકામાં જમા થયા હોવાનું જાણવા મળે છે. નગરપાલિકા દ્વારા ફોર્મની ચકાસણી કર્યા બાદ તેનો અહેવાલ ગાંધીનગર મોકલવામાં આવશે. ત્યારબાદ સરકાર દ્વારા સહાય અંગે નિર્ણય લેવામાં આવશે

# ધરમપુર વિસ્તારમાં ધોરણ-8ની સગીરા સાથે દુષ્કર્મની ફરિયાદ

**ફરિયાદની** જાણ થતાં આરોપી ફરાર

ધરમપુર : ધરમપુર તાલુકાના એક ગામમાં ધોરણ-8માં અભ્યાસ કરતી સગીરા સાથે ગામના જ યુવકે દુષ્કર્મ આચર્યું હોવાના આક્ષેપ સાથે ધરમપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી છે. ફરિયાદમાં આરોપી બનાવાયેલા યુવકના પિતા મૂળ અન્ય વિસ્તારના હોવાનું જાણવા મળે છે. તેમણે આ વિસ્તારમાં પ્રેમલગ્ન કર્યા બાદ સાસરીમાં જ રહી વાહન ભાડે ફેરવવાનો વ્યવસાય કરી પરિવારનું ગુજરાન ચલાવતા હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ સગીરાના પિતા મૂળ નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના હોવાનું અને તેમણે પણ પ્રેમલગ્ન કર્યા બાદ સાસરીમાં રહી રોજગારી મેળવતા હોવાનું જાણવા મળે છે. તેઓ હાડકાના દર્દીઓને પાટા બાંધવાનું કામ કરી પરિવારનું ભરણપોષણ કરે છે.

સગીરા અને ફરિયાદમાં આરોપી બનાવાયેલ યુવક બંને મામાના ઘરે રહીને અભ્યાસ કરતા હતા. બંને એક જ ફળિયા વિસ્તારમાં રહેતા હોવાથી અગાઉથી એકબીજાના પરિચયમાં હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. દરમિયાન શુક્રવારે રાત્રે બનેલી કથિત ઘટનાને પગલે સગીરાના પરિવારજનોએ બીજા દિવસે પોલીસનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે ધરમપુર પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. ફરાર આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે શોધખોળ તેજ કરી છે તેમજ બનાવ અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

## ભાદરવી પૂનમે ઉનાઈ માતાના મંદિરે ધ્વજારોહણ

વાંસદા: ભાદરવી પૂનમના પાવન દિવસે ઉનાઈમાતા મંદિરે યોજાયેલા ધાર્મિક પ્રસંગ દરમિયાન તેમણે આ વાત જણાવી હતી. દર વર્ષની પરંપરા મુજબ ભાદરવી પૂનમના પાવન પર્વે ઉનાઈ માતા મંદિરે ધ્વજા રોહણ કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગમાં ભારતીય જનતા પાર્ટીના નવસારી જિ. ઉપપ્રમુખ અશોકભાઈ ગજેરા, કથાકાર ભાસ્કરભાઈ દવે, શ્રી રામ મિશ્રા, હરિશભાઈ પરમાર, મંદિરના પૂજારી રાકેશભાઈ દુબે સહિત મંદિર સ્ટાફ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


ધર્મેશ પટેલ

## ચીખલી નેશનલ હાઇવે પર શો-રૂમમાં આગ

ઘેજ: ચીખલીના નેશનલ હાઈવે સ્થિત ક્રોમાના શો-રૂમના ગોડાઉનમાં શનિવારની બપોરના સમયે આગ લાગતા અફરતા તફરી મચી જવા પામી હતી. બનાવ અંગે ની જાણ થતા તાલુકા પંચાયત ના ફાયર ફાઈટર સાથે હિતેશભાઈ,જીજ્ઞેશભાઈ સહિતનો સ્ટાફ સ્થળ ઉપર પહોંચી આગને વધુ ફેલાતા અટકાવી જતી જોકે ફાયર ફાઈટર પહોંચે એ પહેલા રફ મટીરીયલ આગની ચપેટમાં આવી જતા નુકશાન થવા પામ્યું હતું.

અંતરિયાળ વિસ્તારમાં મોબાઇલ નેટવર્કની સમસ્યાથી લોકો પરેશાન

# ડુંગર પર કુપન કાઢવા ગયેલા યુવકને સાપે ડંખ મારી દીધો

**૧૦૮** એમ્બ્યુલન્સની સમયસર મદદથી યુવકનો આબાદ બચાવ


આસીફ શેખ

ધરમપુર : નેટવર્કના અભાવે સરકારી સંસ્થાની કે દુકાનની કુપન કાઢવા માટે ડુંગર પર ગયેલા એક યુવકને સાપે ડંખ મારતા ૧૦૮ એમ્બ્યુલન્સની તાત્કાલિક મદદથી તેને ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

ધરમપુર તાલુકાના અંતરિયાળ તામછડી ગામમાં નેટવર્કની ગંભીર સમસ્યાના કારણે ગ્રામજનોએ કુપન કાઢવા માટે અંદાજે ૭ કિલોમીટર દૂર ડુંગર પર ધામણી મંદિર પાસે ફોરેસ્ટ વિભાગની ઝૂંપડી સુધી જવું પડે છે. પૈણયા ગામના અનિલ બરફ કુપન કાઢવા માટે ડુંગર વિસ્તારમાં ગયા હતા. જ્યાં લીલું ઘાસ અને ગાઢ જંગલ હોવાથી સાપ જેવા ઝેરી જીવજંતુઓનો ભય હંમેશાં રહે છે. કુપન કાઢતી વખતે અનિલભાઈને સાપે ડંખ મારતાં દોડધામ મચી ગઈ હતી. ઘટના બાદ ૧૦૮ની ટીમે અનિલભાઈને ધરમપુરની સરકારી સ્ટેટ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. આ અંગે વિનય બારિયાએ જણાવ્યું હતું કે, આ વિસ્તારના લાંબા સમયથી અનેક ગામોમાં મોબાઈલ નેટવર્કની સમસ્યા છે. નેટવર્કના અભાવે રોજિંદી જરૂરી કામગીરી માટે ગ્રામજનોને જીવ જોખમે મૂકીને ડુંગર ઉપર જવાની ફરજ પડે છે.

# ચીખલીમાં ગણપતિની મૂર્તિઓ બીજા દિવસે બહાર આવી ગઈ

**ચીખલીમાં** તંત્રનો અણઘડ વહીવટ બહાર આવ્યો



ઘેજ: ચીખલીમાં તંત્રના અણઘડ આયોજનના પગલે ગણપતિ દાદા ની નાની મૂર્તિઓનું વિંસર્જન બે વાગ્યે અને મોટી મૂર્તિઓનું વહેલી સવારે ચાર વાગ્યે નાના મોટા વિવાદ વચ્ચે વિસર્જન પૂર્ણ થયું હતું.જોકે પાણીના અભાવે બીજા દિવસે ગણેશજીની પ્રતિમા બહાર આવી જવા પામી હતી. ચીખલીમાં દરવર્ષ હર્ષોઉલ્લાસ સાથે ૧૦૦ થી વધુ ગણેશજીની પ્રતિમા ઓનું કાવેરી નદી સ્થિત ઓવારા ઉપર વિસર્જન કરવામાં આવી રહ્યું છે.

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા તરવૈયા સાથે ઓવારા પર વિસર્જનની કામગીરી છેલ્લા ૨૦-કરતા વધુ વર્ષથી નિષ્ઠા પૂર્વક કરવામાં આવી રહી છે.જ્યારે સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા ભાવિકભક્તો માટે નાસ્તા-પાણી,લાઈટિંગ,સ્ટેજ અને ઓવારા ઉપર ખડેપગે કામગીરી કરવામાં આવી હતી.

ચીખલીમા વિસર્જન દરમ્યાન કાવેરી નદીમાં પાણી ન રહેતા એક સમયે અરાજગતા સર્જાઈ હતી. તંત્રના અણઘડ કારભારમાં મોટી ગણેશજીની પ્રતિમાના વિસર્જન દરમ્યાન મોટી ક્રેન બગડી જતા અને વિસર્જન ની કામગીરી ઘોંચ માં પડતા પ્રાંત,મામલતદાર,માર્ગ મકાનના અધિકારીઓ સ્થળ ઉપર આવી પહોંચ્યા હતા.

જોકે એક સમયે નાના પુલ ઉપર લગાવવામાં આવેલ એન્ગલ પણ કાઢી નાંખવાની તજવીજ હાથ ધરાઈ હતી પરંતુ બે ત્રણ વર્ષ પૂર્વે પુલનો રિપોર્ટ નેગેટિવ આવતા પુલ ઉપરથી વિસર્જન દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ બને તો જવાબદારી કોની ? જેવા પ્રશ્નો સામે આવતા અધિકારીઓ પણ મૂંઝવણ માં મુકાયા હતા રૂઓવારા પરથી ચાલતી પકડી હતી.જોકે મોડી રાત સુધીના વિસર્જનમાં પોલીસ તંત્ર અને નાયબ મામલતદાર ને બાદ કરતાં કોઈ જવાબદાર અધિકારી ન રહેતા અનેક તર્કવિતર્ક સર્જાવા પામ્યા હતા.

## પેટ્રોલપંપ પર ધમકી આપનાર કથિત મહિલા પત્રકારનાં રિમાન્ડ

વાપી : વાપી જીઆઈડીસી ચાર રસ્તા ખાતે આવેલા પેટ્રોલ પંપ પર મનોજ રાવલ દ્વારા પ્લાસ્ટિકની બોટલમાં પાણી મિક્સ પેટ્રોલ જેવું પ્રવાહી લઈ જઈને પેટ્રોલ પંપના સંચાલકને તમારું પેટ્રોલ ભેળસેળવાળું હોવાનો આક્ષેપ કર્યો હતો અને ત્યારબાદ કથિત પત્રકાર સોનિયા ચૌહાણ એક કારમાં પેટ્રોલ પંપ પર આવી પહોંચી હતી અને પેટ્રોલ પંપનો વિડીયો ઉતાર્યા બાદ પેટ્રોલ પંપને બદનામ કરવાની તથા પુરવઠા વિભાગમાં ફરિયાદ કરવાની ધમકી આપ્યા અંગેની ફરિયાદ વાપી ટાઉન પોલીસ મથકમાં કરાતા પોલીસે સોનિયા ચૌહાણની ધરપકડ કરી હતી અને વાપી કોર્ટમાં રજૂ કરતા આરોપી સોનિયા ચૌહાણને બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કરાયા હતા.